આજે યુપીએ સંકલન સમિતિની બેઠક

નવીદિલ્હી,તા.૨૬

યુપીએ સંકલન સમિતિની અતિ મહત્વપૂર્ણ મિટિંગ આવતીકાલે ગુરૂવારે યોજાનાર છે. મહારાષ્ટ્રમાં રાજકીય કટોકટીનાં અનુસંધાનમાં આ મિટિંગ યોજાનાર છે. મહારાષ્ટ્રમાં કોંગ્રેસ-એનસીપી ગઠબંધનમાં તિરાડ વધી ગઈ છે. ગયા મહિને યુપીએની સર્વગ્રાહી કાર્યવાહીની ખાતરી કરવાનાં હેતુસર આ સમિતિની રચના કરવામાં આવી હતી કારણ કે શાસક ગઠબંધનમાં સંકલનનાં અભાવનો મુદ્દો એનસીપી દ્વારા ઉઠાવવામાં આવ્યો હતો. કોંગ્રેસ પ્રમુખ સોનિયા ગાંધીના નેતૃત્વમાં આ પ્રથમ બેઠક હશે. આ મહિનામાં યુપીએ સાથે મમતા બેનર્જીનાં તૃણમૂલ કોંગ્રેસે ટેકો પાછો ખેંચી લીધા બાદ આ મિટિંગ યોજાઈ રહી છે. મિટિંગને લઈને ખૂબજ ઉત્સુકતા વધી ગઈ છે. ૧૯ સાંસદો ધરાવનાર યુપીએનાં બીજા સૌથી મોટાં ઘટકપક્ષ ટીએમસીએ જુદાં જુદાં નિર્ણયો લઈને સરકાર સાથે છેડો ફાડી દીધો હતો. મલ્ટીબ્રાન્ડ રિટેલમાં એફડીઆઈ, ડીઝલની કિંમતમાં ભાવ વધારો,

મહારાષ્ટ્ર સરકારને ગબડાવી દેવાની યોજના નથી : પવાર

મુંબઈ,તા.૨૬

મહારાષ્ટ્રનાં રાજકારણમાં હાલ ઉભી થયેલી કટોકટીનો ઉકેલ લાવવાનાં સંકેત આપતાં રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટીનાં પ્રમુખ અને કેન્દ્રીય કૃષિ પ્રધાન શરદ પવારે સાફ શબ્દોમાં કહ્યું હતું કે, મહારાષ્ટ્ર સરકારને ઉથલાવી દેવાની તેમની પાર્ટીની કોઈ યોજના નથી. મુંબઈમાં પત્રકાર પરિષદને સંબોધતાં પવારે કહ્યું હતું કે, મહારાષ્ટ્રનાં મુખ્યમંત્રી પૃથ્વીરાજ ચવ્હાણનાં રાજીનામાં અંગે નિર્ણય લેવાનું કામ કોંગ્રેસનું છે. તેમણે ઉમેર્યું હતું કે, અમે સરકારને અસ્થિર કરવા ઈચ્છતાં નથી. અમે મહારાષ્ટ્રમાં કોંગ્રેસ અને કેન્દ્રમાં યુપીએને ટેકો જારી રાખીશું. તેઓએ મહારાષ્ટ્રનાં નાયબ મુખ્યમંત્રી તરીકે રાજીનામું આપી દેવાનાં અજીત પવારનાં નિર્ણયને ટેકો આપ્યો હતો. દરમિયાન એનસીપીનાં ધારાસભ્યોએ તેમનાં નિર્ણય અંગે ફેરવિચારણા કરવા અજીત પવારને વિનંતિ કરી છે. બીજીબાજુ અજીત પવાર પાવરપ્લે રમીને મહારાષ્ટ્રનાં રાજકારણમાં ગરમી જગાવવાનાં પ્રયાસ કરી રહ્યાં છે. દરમિયાન ચવ્હાણ આવતીકાલે કોંગ્રેસ ધારાસભ્યોને મળનાર છે જેમાં નવી રચના ઉપર વિચારણા કરાશે.

મહારાષ્ટ્રના ઉપમુખ્યમંત્રી પદેથી અજીત પવારના રાજીનામા બાદ રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી (એનસીપી)માં વિભાજન થયું છે. એનસીપીના ધારાસભ્યોની આજે બપોરે બેઠક યોજાઈ હતી. જેમાં મહત્વનો ઠરાવ પસાર કરવામાં આવ્યો હતો. ધારાસભ્યોની બેઠકમાં તમામ લોકોએ એક સૂરમાં કહ્યું હતું કે, અજીત પવાર પોતાનું રાજીનામું પરત લઈ લે. જ્યારે એનસીપીના વરિષ્ઠ નેતા પ્રફુલ્લ પટેલે કહ્યું હતું કે, અજીત પવારનું રાજીનામું મંજૂર થવું જોઈએ. જેને લીધે મહારાષ્ટ્રમાં રાજકીય ગરમાવો આવી ગયો છે. દરમિયાન અજીત પવારે પક્ષની બેઠકમાં જતા પહેલાં પોતાના સમર્થકો સાથે મુલાકાત કરી હતી. જ્યારે મુખ્યમંત્રી પૃથ્વીરાજ ચૌહાણના ઘટ પર કોંગ્રેસની મહત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી. જેમાં આગામી રણનીતિ પર ચર્ચા વિચારણા થઈ હતી. નાયબ મુખ્યમંત્રી અજીત પવારના રાજીનામા અને રાજ્ય સરકારમાં એનસીપીના તમામ મંત્રીઓના રાજીનામાની ઓફર પછી ઉભી થયેલ રાજકીય સ્થિતિ પર આજે એનસીપી ધારાસભ્યોની મહત્વપૂર્ણ બેઠકમાં ચર્ચા થઈ હતી. ધારાસભ્યોએ અજીતને રાજીનામું પરત લેવાનો આગ્રહ કર્યો હતો. રાજ્યના આવાસ મંત્રી સચિન અહીરે કહ્યું હતું કે, અજીત પવારના અચાનક રાજીનામા બાદ ચર્ચા માટે પ્રદેશ પ્રમુખે બેઠક બોલાઈ બોલાવી હતી.

અહીરે સ્પષ્ટ કર્યું હતું કે, એવું કોઈ પગલું નહીં લેવા આવે કે રાજ્યની ગઠબંધન સરકાર પર કોઈ જોખમ આવે. જ્યારે નવી દિલ્હીમાં પ્રફુલ પટેલે કહ્યું હતું કે મહારાષ્ટ્ર ઉપમુખ્યમંત્રી પદ પરથી અજીત પવારનું રાજીનામું નિશ્ચિતરૂપે સ્વીકાર થવું જોઈએ. આ પદ ખાલી જ રાખવું જોઈએ. આહિરે પત્રકારો સાથે વાતચીત કરતાં કહ્યું હતું કે, મહારાષ્ટ્રમાં કોઈ અનિશ્ચિતતા નથી. અમારો અંતિમ નિર્ણય શરદ પવાર લેશે. દરમ્યાન ૫૩ વર્ષીય અજીત પવાર પ્રત્યે વફાદારી રાખનાર ધારાસભ્યોએ કહ્યું છે કે સરકારમાંથી પક્ષે અલગ થવું જોઈએ. રાજ્ય સરકારને બહારથી સમર્થન આપવું જોઈએ.

સમાચાર ઝલક

- હવે ૧૧૫ ડેમ સાઇટ પર આરાધન પર્વ યોજાશે, નર્મદાના નીરથી સૌરાષ્ટ્રના ૧૧૫ ડેમ ભરાશે.
- બિલાવલ-હીના ઇલુ - ઇલુ : પાકિસ્તાનમાં ભારે ચર્ચા, હીના બે સંતાનની માતા, જે પાકિસ્તાનના વિદેશ પ્રધાન છે.
- અક્ષયકુમાર-ટ્વિન્કલ ફરી વાર માતા-પિતા બન્યા, પુત્રીનો જન્મ થયો.
- ખોરાક ઘટયો કે ક્ષમતા, ફક્ત નવ લાડુએ બન્યા 'મોદક સમ્રાટ.'
- વડાપ્રધાન મનમોહનસિંહજીની આજે ૮૦મી વર્ષગાંઠ છે.
- રૂા. ૭૨,૦૦૦ કરોડના સિંચાઇ કૌભાંડથી અજીત પવાર એકાએક સંકટમાં, નાયબ મુખ્યમંત્રી પદેથી રાજીનામું આપ્યું.
- યોગગુરૂ બાબા રામદેવ ટ્રસ્ટની ખાદ્ય સામગ્રીમાં ગુણવત્તા ઓછી. નમૂના નેગેટીવ આવ્યાં.
- ચૂંટાયેલા પ્રતિનિધિની હત્યા બાદ વ્યાપક દહેશત, કાશ્મીરમાં પંચાયતના ૫૦ સભ્યોએ રાજીનામાં આપ્યાં.
- પૂનામાં અપહરણકારોએ બાળકની હત્યા કરી, રૂા. ૧ લાખની ખંડણી માટે અપહરણ કરેલું.
- વઢવાણ નારી વિકાસ વિદ્યાલયમાંથી પાંચ યુવતીઓ ગુમ થતાં ચકચાર વ્યાપી.
- સૌરાષ્ટ્રમાં ૬૦ થી ૭૦ ટકા કૃષિ પાક નિષ્ફળ કેન્દ્ર ઉપરાંત રાજ્ય સરકાર પણ સહાય કરે.
- ૧૬મી ઓકટોબરથી નવરાત્રિ પ્રારંભ, એક નોરતું ઓછું, ચોથનો ક્ષય, નવરાત્રિની તૈયારીઓ શરૂ.
- કોઇ પણ બેંક ગ્રાહકને ચેક ડ્રોપ બોક્સમાં જ નાખવાની ફરજ પાડી શકે નહીં.

યુપીએ હજુ સુધીની સૌથી ભ્રષ્ટ સરકાર છે : ભાજપ

નવી દિલ્હી,તા. ૨૬

ભાજપે આજે ફરી એકવાર કેન્દ્રની મનમોહનસિંહ સરકાર પર આકરા પ્રહારો કર્યા છે. ભાજપના પ્રવકતા રવિ શંકર પ્રસાદે કહ્યું છે કે યુપીએ હજુ સુધીની સૌથી ભ્રષ્ટાચારી સરકાર છે. પ્રસાદે કહ્યું હતું કે કેન્દ્રિય તપાસ બ્યુરો (સીબીઆઈ)નો કેન્દ્ર સરકાર દ્વારા વ્યાપક ઉપયોદ કરવામાં આવી રહ્યો છે. ફરિદાબાદના સુરજકુન્ડ ખાતે શરૂ થયેલી ભાજપની રાષ્ટ્રીય કારોબારી બેટક દરમિયાન પ્રસાદે કહ્યું હતું કે ભાજપ સુધારાને લઈને વિરુદ્ધમાં નથી પરંતુ સરકારના ઈરાદા સુધારાઓને લઈને સ્વચ્છ દેખાઈ રહ્યા નથી.

પ્રસાદે કહ્યું હતું કે યુપીએ સરકારના ગાળામાં જેટલા કોંભાડ થયા છે તેટલા કોંભાડ દેશમાં અગાઉ ક્યારેય થયા નથી. જેથી મનમોહનસિંહના નેતૃત્વમાં સરકાર હજુ સુધીની સૌથી ભ્રષ્ટ સરકાર છે. ભાજપના વરિષ્ઠ નેતાએ આક્ષેપ કર્યો હતો કે સરકાર કાળા નાણાંના મામલે બિલકુલ ગંભીર નથી. સરકાર ગંભીર રહી હોત તો ચોક્કસપણે આકરા પગલા લેવામાં આવ્યા હોત. સરકારે ગઠબંધનની રાજનિતીનું વેપારીકરણ કરી રહી છે. જેથી રાજકીય ચિત્ર ખરાબ થઈ રહ્યું છે. ભાજપની રાષ્ટ્રીય કારોબારીની બેઠક આજે સુરજકુન્ડ ખાતે શરૂ થઈ હતી.

વધુ બે ખાતાની ઓફર ડીએમકે દ્વારા ફગાવાઈ

ચેન્નાઈ,તા.૨૬

કેન્દ્રીય કેબિનેટની પુન રચના અને તેમા ધરખમ ફેરફારની તૈયારી અંતિમ તબક્કામાં પહોંચી ચૂકી છે. રિટેલમાં એફડીઆઈને મંજૂરી, ડીઝલની કિંમતમાં ભાવ વધારો અને એલપીજી સિલેન્ડરોની સંખ્યા મર્યાદિત કરવા જેવા કઠોર નિર્ણયના કારણે યુપીએ સરકાર સાથે તૃણમૂલ કોંગ્રેસે છેડો ફાડી લીધા બાદ યુપીએ સરકાર સ્થિરતાને મજબૂત કરવાના હેતુસર સાથી પક્ષોને નવી ઓફરો આપવામાં વ્યસ્ત છે. કેબિનેટમાં ફેરફાર કરવામાં આવે તો પહેલાં વડાપ્રધાને કેન્દ્રીય કેબિનેટમાં વધુ બે ખાતાની ઓફર ડીએમકેને કરવામાં આવી હતી પરંતુ આ ઓફર ડીએમકે દ્વારા ફગાવી દેવાનું જાણવા મળ્યું છે. કેન્દ્રીય કેબિનેટમાં વધુ ખાતાઓની વડાપ્રધાનની ઓફરને ડીએમકે દ્વારા અસ્વીકાર કરી લેવામાં આવતા નવી અટકળો શરૂ થઈ ગઈ છે. ડીએમકે પણ સરકારથી નાખુશ છે. સૂત્રો પાસેથી મળેલી માહિતી મુજબ વડાપ્રધાને પીએમઓમાં રાજ્ય પ્રધાન વી નારાયણ સામીને ડીએમકેના વડા કરુણાનીધિને મળવા મોકલ્યા હતા. અને વધુ ખાતાઓની ઓફર કરવામાં આવી હતી પરંતુ ડીએમકેના વરિષ્ઠ નેતાઓએ કહ્યું છે કે કરુણાનીધિએ પ્રધાનને એમ કહ્યું હતું કે કેન્દ્રીય કેબિનેટમાં સમાવેશ માટે કોઈપણ પક્ષના પ્રતિનીધિ માટે તેઓ તૈયાર નથી. સામી કરુણાનીધિના આવાસ સીઆઈટી કોલોનીમાં મળ્યા હતા. ચેન્નાઈમાં કરુણાનીધિના આવાસ ઉપર યોજાયેલી આ મિટીંગ ૩૦ મિનિટ સુધી ચાલી હતી જેમાં વડાપ્રધાનની ઓફર ઉપર ચર્ચા ચાલી હતી. મમતા બેનરજીના તૃણમૂલ કોંગ્રેસની બાદબાકી બાદ ડીએમકે લોકસભામાં ૧૮ પ્રતિનીધિ ધરાવે છે અને તે કોંગ્રેસના સૌથી મોટા સાથી પક્ષ તરીકે છે. કરુણાનીધિ પણ હાલમાં આક્રામક મૂડમાં દેખાઈ રહ્યા છે. હાલમાં જ લેવામાં આવેલા લોકવિરોધી નિર્ણયથી ડીએમકે નારાજ છે. બીજી બાજુ યુપીએ પોતાની સ્થિરતાને ટકાવી રાખવાના પ્રયાસમાં છે. ટૂંક સમયમાં જ કેન્દ્રીય કેબિનેટમાં વિસ્તરણને લઈને હાલમાં જોરદાર લોબી ચાલી રહી છે.



વિશ્વના દેશો ક્લાઈમેટ ચેંજને કાબુમાં લેવામાં નિષ્ફળ રહેશે તો વર્ષ ૨૦૩૦ સુધી ૧૦૦ મિલિયન લોકોના મોત થશે

લંડન,તા. ૨૬

આજે જારી કરવામાં આવેલા અહેવાલમાં જણાવાયું છે કે જો વિશ્વના દેશો ક્લાઈમેટ ચેંજને કાબુમાં લેવા અને તેનો સામનો કરવામાં નિષ્ફળ રહેશે તો વર્ષ ૨૦૩૦ સુધી વિશ્વભરમાં ૧૦૦ મિલિયન લોકોના મોત થશે. સાથે સાથે વર્ષ ૨૦૩૦ સુધી વૈશ્વિક આર્થિક વિકાસમાં જીડીપીના ૩.૨ ટકા સુધીનો મોટો ઘટાડો થશે.

અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે વૈશ્વિક સરેરાશ તાપમાનમાં ગ્રીન હાઉસ ગેસના કારણે વધારો થઈ રહ્યો છે. બરફ ઓગળવા, ખરાબ હવામાન, દુષ્કાળ અને વધતી જતી દરિયાઈ સપાટીના કારણે માઠી અસર થઈ રહી છે. માનવતાવાદી સંસ્થા દ્વારા કરવામાં આવેલા અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે આ તમામ પરિબળોના પરિણામે લોકો સામે ખતરો ઉભો થઈ રહ્યો છે. એવી ગણતરી કરવામાં આવી રહી છે કે વાયુ પ્રદુષણ, ભુખમરા અને રોગચાળાના કારણે દર વર્ષે ૫૦ લાખ લોકોના મોત થાય છે. ક્લાઈમેટ ચેંજ અથવા તો હવામાનની પરિસ્થિતીના કારણે પણ અનેક સમસ્યા સર્જાઈ છે. જો વર્તમાન પદ્ધિતીને અસરકારક રીતે અમલી નહી બનાવવામાં આવે તો વર્ષ ૨૦૩૦ સુધી એક વર્ષમાં ૬૦ લાખ લોકોના મોત થશે.

અહેવાલમાં વધુમાં જણાવવામાં આવ્યું છે કે વિકાસશીલ દેશોમાં ૯૦ ટકાથી વધારે લોકોના મોત થશે. અહેવાલ મુજબ વર્ષ ૨૦૧૦માં ૧૮૪ દેશો પર હવામાન પરિવર્તનની આર્થિક અસર થઈ છે. અહેવાલ મુજબ ક્લાઈમેટ કાર્બન કટોકટીના લીધે હાલમાં અને આગામી દશકના અંત સુધી ૧૦૦ મિલિયન લોકોના મોત થશે. નિષ્ણાંતો સાફ શબ્દોમાં કહી ચુકયા છે કે આગામી દિવસોમાં હવામાન ફેરફારની માઠી અસર થશે. અહેવાલ મુજબ ક્લાઈમેટ ફેરફારની અસરના લીદે વર્લ્ડ જીડીપીના ૧.૬ ટકા સુધી વૈશ્વિક ઉત્પાદન ઘટી જશે. અથવા તો એક વર્ષમાં ૧.૨ ટ્રિલિયન ડોલરને અસર થશે. બ્રિટીશ અર્થશાસ્ત્રી નિકોલસ સ્ટર્ને કહ્યું છે કે તાપમાનમાં આશરે ૦.૮ ટકા ડિગ્રીનો વધારો થયો છે.

અહેવાલ મુજબ લો કાર્બન અર્થતંત્રમાં વિશ્વનો વધતો ખર્ચ આ દશકમાં જીડીપીના આશરે ૦.૫ ટકા સુધી પહોંચી શકે છે. ક્લાઈમેટ ચેંજની માઠી અસરને ટાળવા માટે તાપમાન પર ગંભીરતાપૂર્વક ધ્યાન આપવામાં આવે તે જરૂરી છે.

વિદેશી એરલાઈન્સો સાથે કિંગફિશરની મંત્રણા જારી

મુંબઈ,તા.૨૬

નાગરિક ઉડ્ડયન સેકટરમાં એફડીઆઈને મંજુરી આપવાની સરકારની હિલચાલ બાદ કટોકટીનો સામનો કરી રહેલાં કિંગફિશર એરલાઈન્સનાં ચેરમેન વિજય માલ્યાએ આજે કહ્યું હતું કે, કિંગફિશરની વિદેશી એરલાઈન્સો સાથે વાતચીત ચાલી રહી છે. યુબી ગ્રુપની વાર્ષિક જનરલ મિટિંગ પહેલાં વાતચીત કરતાં માલ્યાએ કહ્યું હતું કે, અમારી ચોક્કસપણે વિદેશી એરલાઈન્સો સાથે વાતચીત ચાલી રહી છે. જોકે તેઓએ આ સંબંધમાં વિગતો આપવાનો ઈન્કાર કર્યો હતો અને કહ્યું હતું કે, ગુપ્ત બાબતો હાલમાં જાહેર કરી શકાય તેવી નથી. માલ્યાએ કહ્યું હતું કે, વાતચીતનાં સંબંધમાં કોઈ વધુ માહિતી આપવી વહેલી તકે હશે. નવી એફડીઆઈ નીતિનાં લાભ અંગે પૂછવામાં આવતાં તેમણે માહિતી આપવાનો ઈન્કાર કર્યો હતો. માલ્યાએ એમપણ કહ્યું હતું કે, તેમની એરલાઈન્સ એસબીઆઈનાં નેતૃત્વમાં બેંકોનાં કન્સોર્ટિયમ સમક્ષ પોતાની રજૂઆત કરશે. બેંકોની આ સંસ્થા કિંગફિશરને નાણાં આપવા વિચારી રહી છે. એસબીઆઈ કિંગફિશર પાસેથી ૧૫૦૦ કરોડની રકમ માંગે છે જ્યારે બેંકો આ એરલાઈન્સ પાસેથી ૭૦૦૦ કરોડની આસપાસ માંગે છે. કિંગફિશરની હાલત તાજેતરમાં કફોડી બનેલી છે. એસબીઆઈ સાથે આવતીકાલે બેઠક યોજાશે.

ભારતીય સૈના યુદ્ધ કવાયત યોજવાની તૈયારીમાં વ્યસ્ત

નવી દિલ્હી, તા.૨૬

ભારતીય સેના આ સપ્તાહમાં જ હજુ સુધીની સૌથી મોટી યુદ્ધ કવાયત યોજવાની તૈયારીમાં વ્યસ્ત છે. તમામ ચાવીરૂપ રચનામાંથી ટોચના કમાન્ડરો આ વખતે પૂણેમાં એકત્રિત થનાર છે. સેનાની આ યુદ્ધ કવાયતને ખૂબ જ મહત્વપૂર્ણ ગણવામાં આવે છે. પાકિસ્તાન અને ચીન જેવા પરંપરાગત હરીફ દેશોની તૈયારીઓને ધ્યાનમાં લઈને ભારત સરકારે પણ આ યુદ્ધ કવાયત હાથ ધરવાનો થોડાક દિવસ પહેલાં જ નિર્ણય કર્યો હતો આના ભાગરૂપે ભારતીય સેના આ સપ્તામાં સૌથી મોટી યુદ્ધ કવાયત હાથ ધરશે જેમાં યુદ્ધ પહેલાની પ્રવૃત્તિ નજરે પડશે. સેનાના નવા વડા વિક્રમસિંહના નેતૃત્વ હેઠળ પ્રથમ વખત આવી યુદ્ધ કવાયત હાથ ધરવામાં આવી રહી છે. પાકિસ્તાન દ્વારા પણ સૌથી મોટી યુદ્ધ કવાયત શરૂ થઈ ચૂકી છે. પાકિસ્તાનમાં કરાચી સ્થિત વી કોર્પ દ્વારા બે મહિના લાંબી યુદ્ધ કવાયત શરૂ થઈ છે જે નવેમ્બર સુધી ચાલશે. ભારતના રાજસ્થાનમાં સરહદ નજીક આ યુદ્ધ કવાયત હાથ ધરાઈ છે. ભારત પણ પાછળ રહેવા ઈચ્છતું નથી. બુધવારથી આ યુદ્ધ કવાયત હાથ ધરવામાં આવનાર છે જેમાં ટોચના અધિકારીઓ ઉપસ્થિત રહેશે.

ભારતીય સેનાની તમામ સાત કમાન્ડના ટોચના અધિકારીઓ આમા ભાગ લેશે. આમા યુદ્ધના વખતે દુશમન દળોને બોધપાઠ ભણાવવા વ્યૂહરચના પણ રજૂ થશે. આ યુદ્ધ કવાયત બાદ વધુ એક યુદ્ધ કવાયત પણ હાથ ધરાશે. ઉનાળા અને શિયાળુ ૨૦૧૧માં સેના દ્વારા આવી જ મોટી ત્રણ યુદ્ધ કવાયત હાથ ધરાઈ હતી. ૨૦૧૧માં સમર કવાયત રાજસ્થાનમાં મે મહિનામાં યોજાઈ હતી. ત્યારબાદ પંજાબના મેદાની ભાગોમાં યુદ્ધ કવાયત હાથ ધરાઈ હતી. યુદ્ધ કવાયત દરમિયાન સેનાના હથિયારોની ચકાસણી થશે જેમાં યુદ્ધ ટેન્ક, ઈન્ફેન્ટરી સાધનો, ટોપનો સમાવેશ થાય છે.

કુવૈતમાં હાલ અટકાયતમાં રહેલાં ભારતીયો સુરક્ષિત

નવીદિલ્હી,તા.૨૬

કુવૈતમાં ભારતીય દૂતાવાસે મજુરી કામ કરતાં એક હજારથી વધુ ભારતીયોની સુરક્ષા અને કલ્યાણની ખાતરી કરવા કુવૈતી સત્તાવાળાઓની દરમિયાનગીરીની માંગણી કરી છે. આ એક હજારથી વધારે ભારતીય વર્કરોની ૧૯ સપ્ટેમ્બરે ધરપકડ કરવામાં આવી હતી. આ સમગ્ર મામલામાં જવાબદારી સંભાળી રહેલાં વિદુ પી.નાયરે માહિતી આપતાં કહ્યું છે કે, જે લોકોની ધરપકડ કરવામાં આવી છે તે માન્ય દસ્તાવેજો ધરાવે છે અને તેમને ટૂંક સમયમાં જ મુક્ત કરવામાં આવશે. નાયરે કહ્યું હતું કે, ધરપકડ કરવામાં આવેલાં વર્કરો બિલકુલ સુરક્ષિત છે. સતામણીનાં કોઈપણ કેસ અથવા તો ફરિયાદ થયેલી નથી. તેમણે એમપણ કહ્યું હતું કે, હજુસુધી કોઈને પણ દેશનિકાલ કરવામાં આવ્યો નથી. ભારતીય વર્કરો ૪૦ પોલીસ સ્ટેશનમાં પકડી લેવામાં આવ્યા હતાં. હાલમાં તેમને અટકાયતી કેન્દ્રોમાં રાખવામાં આવ્યાં છે. વિદેશ મંત્રાલય સાથે પણ તેઓ સતત સંપર્કમાં છે.

૨૬/૧૧ કેસ : ત્રાસવાદી અબુ જુંડાલ સામે વોરંટ જારી કરાયું

નવીદિલ્હી,તા.૨૬

દિલ્હી કોર્ટે ૨૬/૧૧ મુંબઈ હુમલામાં મુખ્ય શકમંદ અબુ જુંડાલ સામે વોરંટ જારી કર્યું છે. ૨૮ સપ્ટેમ્બરે તેની સમક્ષ હાજર કરવા માટે દિલ્હી કોર્ટે સૂચના આપી છે. કોર્ટે અબુ જુંડાલ સામે દાખલ કરવામાં આવેલી ચાર્જશીટની નોંધ લીધા બાદ આ વોરંટ જારી કર્યું છે. ચીફ મેટ્રોપોલિટન મેજિસ્ટ્રેટ વિદ્યાપ્રકાશ સમક્ષ ૨૦ સપ્ટેમ્બરે દિલ્હી પોલીસ ક્રાઈમબ્રાંચ દ્વારા જુંડાલ સામે ચાર્જશીટ દાખલ કરવામાં આવી હતી.

અબુ જુંડાલ હિંદી અને સ્થાનિક ભાષા સારી રીતે બોલી શકે છે. અબુ જુંડાલે મુંબઈમાં હુમલો કરનાર ૧૦ આતંકવાદીઓ સાથે વાતચીત કરીને તેમને માર્ગદર્શન પણ આપ્યું હતું. ચાર્જશીટમાં પોલીસે કહ્યું છે કે, અબુ જુંડાલ ખતરનાક શખ્સ છે અને તે મુંબઈ હુમલાખોરોનાં મુખ્ય હેન્ડલર તરીકે હતો. પોલીસે ઉમેર્યું છે કે, લશ્કર-એ-તોયબાનાં આતંકવાદી ઝકીર-ઉર-રહમાન લખવીની સાથે જુંડાલ અને અન્યો પાકિસ્તાનમાં સ્થાપિત કરવામાં આવેલાં કંટ્રોલરૂમમાં ઉપસ્થિત હતાં. મુંબઈમાં ૨૬/૧૧ હુમલા પર દેખરેખ માટે કંટ્રોલરૂમની રચના કરવામાં આવી હતી. જુંડાલની જુનમાં સાઉદી અરેબિયામાંથી આવી પહોંચ્યા દિલ્હી આંતરરાષ્ટ્રીય વિમાની મથકે ધરપકડ કરી લેવામાં આવી હતી. જુંડાલ હાલમાં એટીએસની કસ્ટડી હેઠળ છે. ૧૧ સપ્ટેમ્બરે પોલીસ કસ્ટડીમાં તેને રિમાન્ડ પર લેવામાં આવ્યો હતો. લશ્કર-એ-તોયબાનાં સભ્ય શેખ લાલબા ઉર્ફે બિલાલ સાથે તેનાં સંબંધો હતાં. ૨૪ સપ્ટેમ્બરે જુંડાલની પોલીસ કસ્ટડીને નવ વધુ દિવસ માટે લંબાવી દેવામાં આવી હતી અને તેની કસ્ટડીને વધારીને નાસિક ચીફ જ્યુડિશીયલ મેજિસ્ટ્રેટ એ.ડી.સાવંત દ્વારા ત્રીજી ઓકટોબર કરી દેવામાં આવી હતી.

ઈન્ડિગો દ્વારા યાત્રીઓને આકર્ષિત કરવા ટિકિટમાં ૪૦ ટકા સુધીનો ઘટાડો

નવી દિલ્હી, તા.૨૬

એર ઈન્ડિયા અને જેટ એરવેઝ બાદ હવે લો કોસ્ટ એર લાઈન ઈન્ડિગો દ્વારા પણ યાત્રીઓને આકર્ષિત કરવા માટે ૪૦ ટકા સુધી ટિકિટની કિંમતમાં ઘટાડો કરી દીધો છે જેથી આગામી દિવસોમાં યાત્રા વધુ સસ્તી બનશે. મળેલી માહિતી મુજબ બજેટ કેરિયર ઈન્ડિગો એવી એર લાઈન્સ બની ગઈ છે જે મહિનાના એડવાન્સ બુકીંગ ઉપર ૪૦ ટકા સુધી ડિસ્કાઉન્ટ આપી રહી છે. એર ઈન્ડિયા અને જેટ એરવેઝે અગાઉ આવી જ જાહેરાત કરી હતી. માર્કેટ હિસ્સેદારીમાં ત્રીજા ક્રમાંકે રહેલી સ્પાઈસ જેટ પણ ટૂંક સમયમાં જ આવી જ જાહેરાત કરે તેવી શકયતા દેખાઈ રહી છે. ટોચના પ્રવાસ ઈન્ડસ્ટ્રીઝના સૂત્રોએ આ મુજબની માહિતી આપી છે. આ વર્ષે ઊંચા વિમાની ભાડાના કારણે વિમાન યાત્રીઓ ટ્રેન માટેનો વિકલ્પ પસંદ કરી રહ્યા છે આવી સ્થિતિમાં યાત્રીઓને અતિ જરૂરી રાહત મળશે. કિંગફિશર એરલાઈન્સની બાદબાકી થઈ ચૂકી છે. જેટ એરવેઝના એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું છે કે ટિકિટ કિંમતમાં ઘટાડો કર્યા બાદ યાત્રીઓની સંખ્યામાં વધારો થશે. ગયા ગુરુવારે એર ઈન્ડિયાએ જલ્દી જલ્દી સ્કીમ શરૂ કરી હતી જેમાં જુદા જુદા રૂટ ઉપર ૪૦ ટકા ડિસ્કાઉન્ટની ઓફ કરવામાં આવી હતી જ્યારે એક દિવસ બાદ જ જેટ એરવેઝે પણ આવી જ ડિસ્કાઉન્ટ સ્કીમની જાહેરાત કરી હતી. જલ્દી જલ્દી સ્કીમ હેઠળ મુંબઈ-ગોવા સેક્ટરમાં એડવાન્સમાં ૩૦ દિવસ પહેલાં ટિકિટ બુક કરાવનારને ખર્ચ ૨૯૭૦ રૂપિયા થઈ ગયો હતો. જ્યારે મુંબઈ-દિલ્હી માટે ૪૯૩૧, દિલ્હી-શ્રીનગર માટે ૩૫૧૬, કોલકાતા-દિલ્હી માટે ૪૮૧૮ અને ચેન્નાઈ-પોર્ટબ્લેયર માટે ૪૩૭૮ ભાડાનો સમાવેશ થાય છે. હવે ઈન્ડિગો દ્વારા દિલ્હી-મુંબઈ રૂટ ઉપર ૯૫૯૧ રૂપિયાની રિટર્ન ટિકિટની ઓફર કરવામાં આવી છે.

જ્યારે દિલ્હી-મુંબઈ રૂટ ઉપર ૧૦૨૦૨ તથા દિલ્હી-હૈદરાબાદ માટે ૯૯૫૪ની ઓફર કરવામાં આવી છે. સામાન્ય રીતે આ રૂટ ઉપર ભાડા ૬૫૦૦થી ૯૦૦૦ વચ્ચે છે. સેક્ટર નિષ્ણાંતો માને છે કે તહેવારની સિઝનમાં વધુ યાત્રીઓ વિમાની યાત્રા કરી શકે છે. જેથી ડિસ્કાઉન્ટ આપીને વધુ આવક મેળવી લેવાની યોજના જુદી જુદી એરલાઈન્સો દ્વારા તૈયાર કરવામાં આવી છે. એર ઈન્ડિયા અને જેટ એરવેઝ હવે માર્કેટ હિસ્સેદારી માટે સ્પર્ધામાં ઉતરી રહ્યા છે.

નિરામય (પાના નં. ૪ નું ચાલુ)

આ ઉપરાંત કલાઇવાળા વાસણમાં પાણીને ઉકાળવું પાણી એકદમ ઉકળે તેમાં સુદર્શન ચૂર્ણ નાખવું અને પાણીને તરત જ અગ્નિ પરથી ઉતારી લેવું, ઢાંકી દેવું. સાવ ઠરી ગયા બાદ, પાણીને ગાળીને નીચોવીને પીવું. આને 'ફ્રાંટ વિધિ' કહે છે. આ વિધિ પણ ખૂબ અસરકારક છે.

તાવ આવ્યો હોય તો સામાન્ય રીતે બે દિવસનો ઉપવાસ અને ફ્રાંટ વિધિથી સુદર્શન ચૂર્ણ લેવું જો ઉપવાસ ન જ થાય તો તુલસીના પાન, ફૂદીનો, લીલીયા, સૂંઢ, તજ, મરી આદિ નાખેલ ગરમ દૂધ થોડી માત્રામાં લેવું. ઉપવાસ અને સુદર્શનને કારણે તાવ ધીમે ધીમે દૂર થઇ જશે. કોઇ પણ ઇન્જેક્શન લેવાની જરૂર લાગશે નહિ. હાં, ધીરજ હોવી જરૂરી છે. એલોપથીક દવા જેવી ફાસ્ટ એક્શન આમા નથી. ધીમે - ધીમે પરંતુ સમુળગી અને આડઅસર રહિત અસર કરશે.

નાના બાળકોને પણ મહાસુદર્શન ચૂર્ણ ખૂબ અસરકારક છે. નાના બાળકોને થતી પેટની તકલીફો, કરમીયા, શરદી, તાવ આદિમાં મહાસુદર્શન ચૂર્ણ ખૂબ અસરકારક છે. આ ઉપરાંત ધાવણ ધાવતા બાળકોને પણ માત્રાપૂર્વક મહાસુદર્શન ચૂર્ણ આપી શકાય જેથી ધાવણના દોષથી થતા રોગો તેમજ બીજી ઇન્ફેક્શન સામે બાળકને રક્ષણ મળે છે.

આમ, મહાસુદર્શન ચૂર્ણ એક એવું ઔષધ છે કે જે શરીરમાં રસાયણ સ્વરૂપે અસર કરે છે. રોગ થયા હોય ત્યારે તો લેવાય જ પરંતુ સામાન્ય જીવનમાં પણ ઇમ્યુનીટી વધારવા તેમજ શક્તિ જાળવવા માટે રોજિંદું લઇ શકાય. આમ કરવાથી ઋતુઓ બદલવાથી થતા રોગો, એલર્જી કે શરીરની નબળાઇ, થાક આદિમાં કાળક્રમે ઘણો સુધારો જોવા મળે છે.